ELECON
GEARING THE FUTURE

TÜVRheinland CERTIFIED
ISO 14001:2015
OHSAS 18001:2007
ISO 9001:2015
www.tuv.com
ID 9105017019

Date: 1st July, 2019

To,

| | |
|---|---|
| The Manager (Listing),<br>**The BSE Ltd.**<br>**Mumbai** | The Manager (Listing),<br>**National Stock Exchange of India Ltd.**<br>**Mumbai** |
| Company's Scrip Code: 505700 | Company's Scrip Code: ELECON |

**Sub : Intimation under Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015**

Dear Sir/Madam,

With reference to the subject referred regulation, we would like to inform you that the Notice of Board Meeting to be convened on Friday, 26th July, 2019, has been published in the Business Standard Newspaper (English) & Jay Hind Newspaper (Gujarati) on 1st July, 2019.

A copy of the said newspaper advertisement is enclosed for your reference & record.

Thanking you,

Yours faithfully,
**For Elecon Engineering Company Limited,**

**Bharti Isarani**
**Company Secretary & Compliance Officer**

ELECON ENGINEERING COMPANY LIMITED
VALLABH VIDYANAGAR

Encl: As above




*Gearing industries. Gearing economies.*

**ELECON ENGINEERING COMPANY LIMITED,** Post Box # 6, Vallabh Vidyanagar - 388 120, Gujarat, India. **Tel.:** +91 - 2692 - 238701, 238702. **Fax:** +91 - 2692 - 227484.
CIN L29100GJ1960PLC001082 | infogear@elecon.com | www.elecon.com

## જારની દિશા નક્કી કરશે

# ડીરોકાણકાર ણ અપનાવશે

સર્વોચ્ચ પ્રાથમિકતા મળવાની શક્યતા છે. આ ક્ષેત્રોને સરકાર તે બાબત મહત્વપૂર્ણ રહેશે. લો કોસ્ટના આવાસ, એગ્રીકલ્ચર અને જેટમાં રાહત આપવામાં આવી શકે છે. વિકાસ અને રોજગારની ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. મોનસુનની પ્રગતિ ભારતીય અર્થતંત્ર ી ગઈ છે. એવા સંકેત મળી રહ્યા છે કે, વરસાદ હજુ સુધી ઓછો રહ્યો છે. જો કે, જુલાઈ મહિનામાં મોનસુનની સ્થિતિ સારી રહેવાની શક્યતા છે. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોરનો અંત આવી ગયો છે. અમેરિકા અને ચીન શનિવારના દિવસે ભાંગી પડેલી મંત્રણાને ફરી શરૂ કરવા માટે સહમત થઈ ગયા ર બજાર ઉપર દેખાશે. અમેરિકા અને ચીન વેપાર મંત્રણા ફરી શરૂ . અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીની પ્રમુખ જિંગપિંગ સાથેની ા કોઈ નવા ટેરિફ લાગૂ નહીં કરવા સહિત શ્રેણીબદ્ધ છુટછાટોની પહેલી જુલાઈથી રશિયા સહિત ઓપેક દેશો અને તેના સાથીઓની ર છે જેમાં દરરોજ ૧.૨ મિલિયન બેરલ સુધીનું ઓઈલ ઉત્પાદન રવામાં આવશે. ઓટોના શેરમાં આ ગાળા દરમિયાન ધ્યાન કેન્દ્રિત ોટો મોબાઈલ કંપનીઓ દ્વારા સોમવારથી તેમના વેચાણના આંકડા વનાર છે. એફપીઆઈ પ્રવાહ, પીએમઆઈના આંકડાની પણ . અમેરિકાના જોબના ડેટા તથા બેરોજગારીના ડેટા પણ આગામી વામાં આવનાર છે.

**બજેટ પહેલા રવાના મૂડમાં : ણ અસર રહેશે**



રવીવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' નવી દિલ્હીમાં કાકરોલા ડો. સાહિલસિંહ વર્મા સ્ટેડિયમ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દિલ્હી ભાજપના પ્રમુખ મનોજ તિવારી, સાંસદો પરવેશ વર્મા અને હંસરાજ હંસ સામે સાંભળી રહયા છે.

## બજેટ પહેલા ભારતીય કંપનીઓ તરફથી રજૂઆત

# જીએસટી-૨ને અમલ કરવા માટેનો સમય આવી ગયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા. ૩૦

જીએસટીને બે વર્ષનો ગાળો આવતીકાલે પૂર્ણ થઈ રહ્યો છે ત્યારે ભારતીય કંપનીઓ તરફથી જણાવવામાં આવ્યું છે કે, જીએસટી-૨ને અમલી કરવાનો સમય આવી ગયો છે. ઈલેક્ટ્રીસીટી, ઓઈલ એન્ડ ગેસ, રિયલ એસ્ટેટ અને શરાબને પણ જીએસટીની મર્યાદા હેઠળ લાવીને તેના બીજા તબક્કામાં આગળ વધવાનો સમય આવી ગયો છે. રેટને ૨થી ૩ સ્લેબમાં બદલી નાંખવાનો સમય આવી ગયો છે. સીઆઈઆઈના પ્રમુખ વિક્રમ કિરોલસકરે માહિતી આપતા કહ્યું છે કે, ભારતીય અર્થતંત્રને આગામી ગ્રોથ લેવલ ઉપર લઈ જવા જીએસટી-૨ની જરૂર છે. સિંગલ રજિસ્ટ્રેશન પ્રોસેસ પાન ઈન્ડિયા માટે આગળ વધવાનો સમય આવી ગયો છે. સીઆઈઆઈનું કહેવું છે કે,

### ઈલેક્ટ્રીસિટી, શરાબને જીએસટી છત્રમાં લાવવા માંગણી

જીએસટી-૨ને અમલી કરવાનો સમય આવી ગયો છે. ઈન્ડસ્ટ્રી બોડીએ દાવો કર્યો છે કે, સુરક્ષા વ્યવસ્થાની સાથે સાથે જીએસટીની વ્યવસ્થાને વધુ સરળ બનાવી દેવાનો સમય છે. પીઢ ઉદ્યોગપતિ અને સીઆઈઆઈના પૂર્વ પ્રમુખ અદિ ગોદરેજે કહ્યું છે કે, માત્ર બે વર્ષની અંદર જ જીએસટી મજબૂત સ્થિતિ ધરાવે છે. સાનુકુળ કારોબાર અને ઓછા ખર્ચને લઈને ઉલ્લેખનીય પરિણામ મળી ગયા છે. ડિજિટલ મોડમાં ટેક્સની સરળરીતે ચુકવણી શક્ય બની છે. આવનાર સમયમાં ભારત માટે આર્થિક વિકાસ માટે જીએસટી જોરદાર પરિબળ રહેશે. ફિક્કીના પ્રમુખ દ્વારા પણ આવી જ પ્રતિક્રિયા આપવામાં આવી છે. તેમનું કહેવું છે કે, નેચરલ ગેસ પર પાંચ ટકા જીએસટીનો તાત્કાલિકરીતે સમાવેશ થવો જોઈએ. વધુમાં હજુ સુધી પેટ્રોલિયમ પેદાશોને જીએસટી જાળમાં લાવવામાં આવી નથી. હવે તેને પણ આ મર્યાદા હેઠળ લાવવાનો સમય છે.



ઈન્દોરમાં મ્યુનિસિપલ અધિકારીને બેટ વડે જાહેરમાં ફટકારવાના કેસમાં ધરપકડ કરાયેલા ભાજપના ધારાસભ્ય આકાશ વિજયવર્ગિય જામીન પર ત્રણ દિવસ બાદ જેલમાંથી મુક્ત કરવામાં આવતા તેમના સમર્થકો દ્વારા ધારાસભ્ય વિજયવર્ગિયનું ફુલહારથી અભિવાદન કરી વાજતે-ગાજતે લઈ જવામાં આવી રહ્યા છે.

# ભગવાન ફરી મને 'બેટિંગ' કરવાનો મોકો ન આપે તેવી પ્રાર્થના: આકાશ વિજયવર્ગીય

(જી.એન.એસ)ઈન્દોર,તા.૩૦

ઈન્દોર કોર્પોરેશનના અધિકારીને ક્રિકેટના બેટથી મારવાનો બહુચર્ચિત કેસ અને એક બીજા પ્રકારણમાં ભોપાલની સ્પેશ્યલ કોર્ટે ભાજપના ધારાસભ્ય આકાશ વિજયવર્ગીયને જામીન આપી દીધા છે. બહાર આવ્યા બાદ આકાશે પત્રકારો સાથે વાતચીતમાં કહ્યુ કે જેલમાં તેમનો સમય સારો પસાર થયો છે. સાથો સાથ ભાજપ ધારાસભ્ય એ એમ પણ કહ્યું કે તેઓ પ્રજાની સેવા કરતાં રહેશે. સાથો સાથ કહ્યું કે ભગવાનને હું પ્રાર્થના કરું છું કે ફરીથી મને બેટિંગ કરવા તક ના આપે.

ભોપાલની સ્પેશ્યલ કોર્ટે શનિવારના રોજ આકાશને જામીન આપી દીધા હતા. પરંતુ લોકઓપના નક્કી સમય સુધીમાં સ્થાનિક જેલ પ્રશાસનને જામીનના કોર્ટના આદેશ મળ્યા ના હોવાથી તેમને જેલમાં જ સતત ચોથા દિવસે રાત પસાર કરવી પડી.

# સંયુક્ત ભારતનું પ્રતિનિધિત્વ કરુ છું: નૂસરત જહાંનો સિંદૂર વિવાદ પર જવાબ

(જી.એન.એસ)મુંબઈ,તા.૩૦



સાંસદ અને બંગાળી અભિનેત્રી નુસરત જહાં સંસદમાં શપથ દરમિયાન પોતાની માંગમાં સિંદૂર અને હાથોમાં બંગડીઓ પહરવા પર થઈ રહેલી ટીકાઓ પર જવાબ આપ્યો છે. નુસરત જહાંએ કહ્યું છે કે તે એક સંયુક્ત ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. ટ્વિટર પર જહાંએ કહ્યું, 'હું સંયુક્ત ભારતનું પ્રતિનિધિત્વ કરું છું જે જાતી, પંથ અને ધર્મની મર્યાદાઓથી ઉપર છે.' એમણે સાથે કહ્યું કે, એ આજે પણ મુસ્લિમ છે અને તમામ ધર્મોનું સમ્માન આપે છે.

જહાંએ કહ્યું કે, 'હું આજે પણ મુસ્લિમ છું અને કોઈએ એ વાત પર ટિપ્પણી ન કરવી જોઈે કે હું શું પહેરીશ. શ્રદ્ધા, પહેરવેશથી ઉપર છે અને તમામ ધર્મોમાં અમૂલ્ય સિદ્ધાંતો પર વિશ્વાસ કરવા અને અભ્યાસ કરવામાં અધિક છે.

સંસદમાં ૨૫ જૂને શપથ દરમિયાન સિંદૂર અને બંગડીઓ પહેરવા પર નુસરત જહાંની ટીકા કરવામાં આવી હતી, તેમને બિન મુસ્લિમ બતાવી હતી અને મુસ્લિમોના એક જૂથે તેમના વિરુદ્ધ ફતવો જાહેર કર્યો હતો.

જહાંએ પોતાના સોશિયલ મીડિયા પોસ્ટ પર કેપ્શનમાં લખ્યું, 'કોઈપણ ધર્મના કટ્ટર લોકો દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ પર ધ્યાન આપવું અને પ્રતિક્રિયા આપવી માત્ર ઘૃણા અને હિંસાને જન્મ આપે છે, અને ઈતિહાસ આ વાતની સાબિતી આપે છે'.

## ટેક્સ સ્લેબને પાંચ લાખ રૂપિયા કરવાની માંગણી

# ઈન્કમટેક્સ સ્લેબમાં મોટા ફેરફાર કરવાની રજૂઆત

નવી દિલ્હી,તા. ૩૦

પાંચમી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવનાર સામાન્ય બજેટમાં પગારદારને મોટી રાહત મળે તેવી શક્યતા છે. બજેટને લઈને નવી આશા પણ પગારદાર વર્ગ રાખી રહ્યા છે. બજેટની અસર દરેક નાગરિકના ફાઈનાન્સિયલ હેલ્થ ઉપર પડે છે પરંતુ પગારદારની આવક મર્યાદિત હોય છે જેથી તેમના તરફથી કેટલીક ખાસ પ્રકારની માંગણી કરવામાં આવી ચુકી છે. પગારદાર વર્ગ તરફથી લાંબા સમયથી ઈન્કમટેક્સ સ્લેબને ૨.૫ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ કરવાની માંગ ઉઠી રહી છે.

### નિવૃત્તિ બાદ મહત્તમ રોકાણની મર્યાદા વધારવાની માંગ

સરકારે આ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં વચગાળાના બજેટમાં પાંચ લાખ રૂપિયા સુધીની કરવેરાપાત્ર આવકવાળા લોકો માટે કલમ ૮૭એ હેઠળ પહેલાથી જ ફુલ ટેક્સ રિબેટની મંજુરી આપી હતી.

પગારદાર લોકો હવે કેન્દ્રીય બજેટ ૨૦૧૯થી આ પ્રકારના લાભ એવા લોકોને પણ આપવાની અપેક્ષા રાખી રહ્યા છે જેમની આવક પાંચ લાખ રૂપિયાથી વધારે રહેલી છે. પગારદાર એવા લોકો જે નિવૃત્તિની આરે પહોંચી ચુક્યા છે તેવો સામાન્યરીતે સુરક્ષિત મૂડીરોકાણની શોધમાં રહે છે તેમને નિવૃત્તિ બાદના વર્ષોમાં નિયમિત આવક મળે તેવી વ્યવસ્થા કરવાની ગણતરી હોય છે. તેમની રોકાણસંબંધિત પ્રાથમિકતાને ધ્યાનમાં લઈને સરકારે પોતાના બજેટથી સંબંધિત ભાષણમાં વડાપ્રધાન વંદન યોજના શરૂ કરી હતી. આ પેન્શન યોજના મુજબ વરિષ્ઠ નાગરિકો વધુમાં વધુ ૧૦ વર્ષ માટે ૧૫ લાખ રૂપિયાનું રોકાણ કરીને મહિને ૧૦૦૦ રૂપિયાથી લઈને ૧૦૦૦૦ રૂપિયા સુધીનું પેન્શન મેળવી શકે છે. આ યોજનામાં રોકાણની અંતિમ તારીખ ૩૧મી માર્ચ ૨૦૨૦ સુધીની છે. કેટલાક પગારદાર લોકો જે ટૂંકમાં જ નિવૃત્ત થનાર છે તેમને આશા છે કે, સરકાર પોતાના બજેટમાં રોકાણની છેલ્લી તારીખને વધારી દેશે.


**નામ બદલેલ છે**
હું મહેશકુમાર પટેલ મારી દિકરીનું નામ સાન્વી મહેશ પટેલથી બદલીને સાન્વી મહેશકુમાર રાખેલ છે. સરનામું: ડી-૧૦૧, યોગેશ્વર હોમ્સ, ન્યુ રાણીપ, અમદાવાદ

**નામ બદલેલ છે**
હું મનિષા રાણપુરા મારા દિકરાનું નામ હર્ષ રાજેશભાઈ રાણપુરાથી બદલીને હર્ષ રાજેન્દ્રકુમાર રાણપુરા રાખેલ છે. સરનામું: ૨, સુરજકિરણ એપાર્ટમેન્ટ, નવરંગપુરા, અમદાવાદ

**નામ બદલેલ છે**
મારૂ નામ શુભમ પરેશ જાનીકરથી બદલી શુભમ પરેશ જનઈકર રાખેલ છે. સરનામું: ૮, સરસ્વતી ભુવન, મણીનગર, અમદાવાદ

**નામ બદલેલ છે**
હું મનિષા રાણપુરા મારા દિકરાનું નામ હેત રાજેશભાઈ રાણપુરાથી બદલીને હેત રાજેન્દ્રકુમાર રાણપુરા રાખેલ છે. સરનામું: ૨, સુરજકિરણ એપાર્ટમેન્ટ, નવરંગપુરા, અમદાવાદ

ELECON
GEARING THE FUTURE
**એલીકોન એન્જીનીયરીંગ કંપની લિમિટેડ**
CIN : L29100GJ1960PLC001082
રજીસ્ટર્ડ ઓફિસ : આણંદ-સોજીત્રા રોડ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦.
Ph: (02692) 236469 Fax : (02692) 227020
Email: investor.relations@elecon.com Website: www.elecon.com

**નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમો ૨૯ અને ૪૭ મુજબ કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગ શુક્રવાર, ૨૬મી જુલાઈ,૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ છે. આ મિટિંગ ૩૦મી જુન, ૨૦૧૯ ના રોજ પૂરા થતા ત્રિમાસિક અનઓડિટેડ નાણાંકીય પરિણામો (બન્ને સ્ટેન્ડઅલોન અને કોન્સોલીડેટેડ) ને બહાલી આપવા માટે રાખેલ છે.

આ સંદર્ભમાં કંપનીને લાગતી આચારસંહિતા મુજબ કંપનીના આંતરિક વ્યકિત દ્વારા કંપનીનું નિયમિત રીતે નિયંત્રણ, દેખરેખ તેમજ વ્યવહારોની નોંધ અને સેબી (પ્રોહિબિશન ઓફ ઈનસાઈડર ટ્રેડિંગ) અમેન્ડમેન્ટ રેગ્યુલેશન્સ, ૨૦૧૮ની લાગુ પડતી જોગવાઈ સાથે વાંચતા કંપનીના બધાજ નિયુકત વ્યકિતઓ માટે કંપનીના શેરોની લેવડ દેવડ, ટ્રેડિંગ વિન્ડો સોમવાર, ૧લી જુલાઈ,૨૦૧૯ થી બંધ કરવામાં આવેલ છે, જે શુક્રવાર, ૨૬મી જુલાઈ,૨૦૧૯ સુધી નાણાંકીય પરિણામ પ્રસિધ્ધ થયા ના ૪૮ કલાક બાદ, માટે બંધ રહેશે.

આ માહિતી કંપનીની વેબસાઈટ www.elecon.com ના ઈન્વેસ્ટર વિભાગમાં પણ ઉપલબ્ધ છે અને સ્ટોક એકસચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર પણ મેળવી શકાય છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશાનુસાર
એલીકોન એન્જીનીયરીંગ કંપની લિમિટેડ વતી,
સહી/-
ભારતી ઈસરાણી - કંપની સેક્રેટરી

તારીખ : ૨૯મી જુન, ૨૦૧૯
સ્થળ : વલ્લભ વિદ્યાનગર